સાયબર ક્રાઈમ કેસમાં આરોપીને હાઈકોર્ટે જામીન આપ્યાં

સુરતઃ સુરત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશને નોંધાયેલાં કેસમાં આરોપી ભાવેશ શિન્દેનાં જામીન હાઈકોર્ટે મંજૂર કર્યા હતા. આ જામીન અરજીની સુનાવણીમાં અરજદાર આરોપી તરફે એડવોકેટ ઝફર કે. બેલાવાલા હાજર રહ્યા હતા. અરજદાર આરોપી પર અન્ય આરોપીઓ પાસેથી બેંક એકાઉન્ટ, કિટ્સ,એટીએમ કાર્ડ મેળવી રકમ ઉપાડવાનો આરોપ હતો. બન્ને પક્ષની રજૂઆત બાદ હાઈકોર્ટે આરોપીનાં જામીન મંજૂર કર્યા હતા.

કતારગામમાં જમવા બાબતે પતિ સાથે ઝઘડો થતાં પત્નીનો આપઘાત

સુરતઃ મૂળ મહારાષ્ટ્ર જલગાવના વતની અને હાલ કતારગામ ખાતે મગનનગર સોસાયટી વિભાગ-2માં આવેલા મહાદેવ કોમ્પલેક્સમાં રહેતા પ્રદીપ સોનવણે હીરાના કારખાનામાં કામ કરી પત્ની 24 વર્ષીય જ્યોત્સના સહિતના પરિવારનું ભરણપોષણ કરે છે. પ્રદીપના અઢી વર્ષ પહેલાં જ લગ્ન થયા હતા. આજે સવારે જ્યોત્સનાએ ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં પ્રદીપ અને જ્યોત્સનાનો ઘરમાં અવારનવાર ઝઘડો થતો હતો. દરમિયાન કાલે રાત્રે પણ દંપતીને જમવા બાબતે ઝઘડો થયો હતો. જેનું માઠું લાગી આવતા જ્યોત્સનાએ આ અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

વતનમાં જવા બાબતે પત્ની સાથે ઝઘડો થતાં પતિએ ફાંસો ખાધો

સુરતઃ મૂળ ઉત્તરપ્રદેશના વતની રમેશપ્રસાદ શ્રીપાલ અવસ્થી (ઉ.વ.37) હાલમાં સચિન જીઆઇડીસી પાલીગામ વિસ્તારમાં આવેલા ઓમ રેસિડેન્સીમાં એક પુત્ર સહિતના પરિવાર સાથે રહેતો હતો અને ડાઇંગ મિલમાં નોકરી કરતો હતો. રવિવારે રમેશપ્રસાદને અચાનક વતનમાં જવાની ઈચ્છા થઈ હતી. જેથી તેને પત્ની પાસે રૂપિયા માંગ્યા હતા. આ બાબતે બંને વચ્ચે ઝઘડો થતાં રમેશપ્રસાદે રૂમમાં જઈને પંખા સાથે પેન્ટ બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. બનાવને પગલે સચિન જીઆઈડીસી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પાસોદરામાં 14માં માળેથી શંકાસ્પદ રીતે નીચે પટકાયેલા શ્રમિકનું મોત

સુરતઃ પાસોદરા રોડ પર શ્યામ યમુના નામની નવી બંધાતી બિલ્ડિંગમાં 42 વર્ષીય નારસિંગ રહેતો હતો અને ત્યાં જ મજૂરી કામ કરતો હતો. કાલે રાત્રે નારસિંગ એપાર્ટમેન્ટના 14માં માળેથી શંકાસ્પદ રીતે નીચે પટકાતા ગંભીર ઈજાને પગલે તેનું મોત નીપજ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં નારસિંગે મરતા પહેલા પોતાનો મોબાઈલ ફોન તોડી નાંખ્યો હોવાનું સામે આવ્યું હતું. નારસિંગે આપઘાત કર્યો છે કે અકસ્માતે નીચે પટકાયો તે અંગે લસકાણા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

વાહનચાલકો દ્વારા આ રસ્તાનો ઉપયોગ કરીને ભાટિયા ટોલનાકાની આગળ નીકળાશે

ડિંડોલી-ઈકલેરા રોડ 30 ફૂટનો કરાશે

આશરે ૭.૨૦ કિ.મી. ના માર્ગને પહોળો કરવા માટે રદ.૬૦ કરોડના ખર્ચને મંજૂરી

સુરત : ડિંડોલી, કરાડવા, સણિયાકણદે અને ઈકલેરા સહિતના વિસ્તારોમાં વધી રહેલા ટ્રાફિકના ભારણને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. ડિંડોલી-કરાડવા-ઈકલેરા રોડને પહોળો કરવા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ.૨૬.૬૦ કરોડના અંદાજિત ખર્ચને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ કામગીરી હેઠળ ૭.૨૦ કિલોમીટર લાંબા હાલના ૭ મીટર પહોળા માર્ગને ૧૦ મીટર પહોળો કરવામાં આવશે.

સુરત મહાનગરપાલિકાની હદને અડીને આવેલા આ વિસ્તારોમાં છેલ્લા કેટલાક વર્ષોમાં રહેણાંક સોસાયટીઓ, કોમર્શિયલ એકમો અને અન્ય વિકાસકામોને કારણે વસ્તી તેમજ વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. આ માર્ગ નેશનલ હાઈવે સાથે પણ જોડાતો હોવાથી દિવસ દરમિયાન ભારે વાહનવ્યવહાર રહે છે. ખાસ કરીને સવાર-સાંજના પીક અવર્સમાં ટ્રાફિકની સમસ્યા સર્જાતી હોવાની સ્થાનિકોની ફરિયાદ હતી.

રોડ પહોળો કરવાની માંગને લઈને સ્થાનિક રહીશો, આગેવાનો અને વેપારીઓ દ્વારા ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. ધારાસભ્ય દ્વારા આ પ્રશ્નને રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરવામાં આવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને માર્ગ-મકાન વિભાગ દ્વારા પ્રસ્તાવને મંજૂરી આપવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. હવે રૂ.૨૬.૬૦ કરોડના ખર્ચે રોડ પહોળો કરવાની યોજનાને સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. માર્ગના વિકાસમાં આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

બ્લોક એસ્ટિમેટ મંજૂર થયા બાદ ટેન્ડર પ્રક્રિયા હાથ

સરકારના આયોજન મુજબ GSB, WMM, ૫૦ ટકા સ્ટીલ સ્લેગ એગ્રીગેટ, BM, DBM અને BC જેવી પદ્ધતિથી માર્ગનું નિર્માણ કરવામાં આવશે. બ્લોક એસ્ટિમેટ મંજૂર થયા બાદ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને ત્યારબાદ કામગીરી શરૂ કરાશે. રસ્તો પહોળો થવાથી ડિંડોલી, કરાડવા, સણિયાકણદે, દેલાડવા, ખરવાસા, બોણંદ અને ઈકલેરા સહિતના વિસ્તારોના વાહનચાલકોને ખાસ રાહત મળવાની શક્યતા છે. લાંબા સમયથી ટ્રાફિકની સમસ્યાનો સામનો કરી રહેલા સ્થાનિકોમાં સરકારના નિર્ણયથી ખુશી જોવા મળી રહી છે.

રસ્તો 20ને બદલે 30 ફૂટનો થતાં આ લાભ

1. ટ્રાફિકની સમસ્યા હળવી બનશે
2. સમય અને બળતણની બચત
3. અકસ્માતની માત્રામાં ઘટાડો
4. ઇમરજન્સી સેવાઓ માટે સરળતા

ડિંડોલીમાં સિટી બસમાં બે મુસાફર વચ્ચે લાફાવાળી થઈ

રોડ વચ્ચે બસ ઊભી કરી ડ્રાઈવરે મામલો થાળે પાડ્યો

સુરતઃ ડિંડોલીના નવાગામ વિસ્તારમાં સિટી બસમાં બે મુસાફર વચ્ચે મારામારીની ઘટના સામે આવી છે. જાહેર માર્ગ પરથી પસાર થઈ રહેલી બસમાં કોઈ બાબતે બે મુસાફર વચ્ચે ઉગ્ર બોલાચાલી થયા બાદ મામલો વણસ્યો હતો અને બંને વચ્ચે લાફાવાળી શરૂ થઈ હતી. અચાનક બસમાં થયેલા ધીંગાણાથી અન્ય મુસાફરોમાં પણ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મામલો વધુ બિચકે નહીં તે માટે સિટી બસના ડ્રાઈવરે રોડની વચ્ચે જ બસ ઊભી રાખી બંને મુસાફરને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, બસ જાહેર માર્ગ વચ્ચે ઊભી રહેતાં પાછળથી આવતા વાહનોની અવરજવર પણ પ્રભાવિત થઈ હતી. નવાગામ વિસ્તારમાં વાહનોની લાંબી કતારો લાગતાં થોડા સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. દરમિયાન બસમાં મુસાફરો વચ્ચે થયેલી મારામારીનો વિડીયો ત્યાં હાજર વ્યક્તિએ મોબાઈલમાં કેદ કરી લીધો હતો. આ વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો છે.

પુત્રીની છેડતી, ધમકીથી તણાવમાં પિતાએ ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

વરાછામાં યુવક પુત્રીને હેરાન કરી અડપલાં કરતો હોવાનો પરિવારનો આક્ષેપ

'પોલીસ ફરિયાદ કરશો તો જાનથી મારી નાંખીશ'ની ધમકી આપ્યાનો દાવો

સુરતઃ વરાછામાં પુત્રીની છેડતી અને યુવક દ્વારા આપવામાં આવેલી કથિત ધમકીથી માનસિક તણાવમાં આવેલા 48 વર્ષીય આધેડે ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઈ હતી. પરિવારજનોના જણાવ્યા મુજબ, યુવક તેમની સૌથી નાની પુત્રીને હેરાન કરતો હતો અને તેની સાથે શારીરિક અડપલાં પણ કર્યા હતા. ત્યારબાદ યુવકે પિતા-પુત્રીને પોલીસ ફરિયાદ ન કરવા ધમકી આપી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ મધ્યપ્રદેશના મુરૈના વતની અને હાલ વરાછા વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં પરિવાર સાથે રહેતા 48 વર્ષીય આધેડ છૂટક મજૂરી કામ કરતા હતા. તેમને સંતાનમાં છ પુત્રી અને એક પુત્ર છે. જ્યારે તેમની પત્ની હોટફિક્સના કારખાનામાં કામ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતી હતી. ગત રાત્રે આધેડે ઘરે ફાંસો ખાઈ લીધો હતો. મૃતકના સંબંધીએ જણાવ્યું હતું કે, તેમની સૌથી નાની પુત્રીને ઘર નજીક રહેતો અને મૂળ તેમના જ વતનનો એક યુવક છેલ્લા કેટલાક સમયથી હેરાન કરતો હતો. યુવકે યુવતી સાથે શારીરિક અડપલાં પણ કર્યા હોવાનો પરિવારનો આક્ષેપ છે. આ અંગે યુવતીના પિતા અને યુવતી દ્વારા પોલીસ ફરિયાદ કરવાની વાત કરવામાં આવતા યુવકે બંનેને ધમકી આપી હતી કે, 'પોલીસ ફરિયાદ કરશો તો જાનથી મારી નાખીશ' અને ત્યારબાદ તે ત્યાંથી નાસી ગયો હતો. યુવકની કથિત છેડતી અને ધમકીના કારણે આધેડ ભારે માનસિક તણાવમાં આવી ગયા હતા અને તેના કારણે જ તેમણે આ અંતિમ પગલું ભર્યું હોવાની પરિવારજનોને આશંકા છે. બનાવ અંગે વરાછા પોલીસનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જોકે સંપર્ક થઈ શક્યો ન હતો.

૧૮ લાખની ખંડણી કેસમાં માથાભારે વ્યાજખોરનાં જામીન નામંજૂર

સુરતઃ ૧૮ લાખની ખંડણી અને જાનથી મારી નાંખવાની ધમકીના કેસમાં ઓલપાડના આરોપી ગગજી ભરવાડની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી હતી. ફરિયાદી ઘેમરભાઈ ખેંગારભાઈ દેસાઈ પાસે આરોપી ગગજી રઘુ ગગાડિયા (ભરવાડ) તથા તેના સહ-આરોપીઓ સામે રાંદેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. સરકાર પક્ષે એપીપી અરવિંદ વસોયાએ જામીન અરજીનો વિરોધ કરતાં દલીલ કરી હતી કે, આરોપી સામે અગાઉ ખૂન, છેતરપિંડી જેવા ૭ જેટલા ગુના નોંધાયેલા છે. જામીન આપવામાં આવશે તો ફરીથી ધમકી આપશે તેમજ સાક્ષીઓને ધમકાવશે. બંને પક્ષની રજૂઆત બાદ સેશન્સ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

શ્રાવણના અંતિમ સોમવારે સુરત બન્યું શિવમય

■ શ્રાવણ માસના અંતિમ અને ચોથા સોમવારે સુરત શહેર જાણે શિવભક્તિના રંગે રંગાયું હતું. વહેલી સવારથી જ શહેરના વિવિધ મહાદેવ મંદિરોમાં દર્શન માટે શિવભક્તોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. શ્રાવણના અંતિમ સોમવારે ભગવાન ભોળાનાથના દર્શન કરી પુણ્યનું ભાથું બાંધવા ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અનેક મંદિરોમાં ભક્તોની લાંબી કતારો લાગી હતી અને મંદિર પરિસર 'હર હર મહાદેવ' અને 'બમ બમ ભોલે'ના જયઘોષથી ગુંજી ઊઠ્યું હતું. શિવભક્તોએ શ્રદ્ધાપૂર્વક ભગવાન મહાદેવને જળાભિષેક અને દૂધાભિષેક કરી બિલ્વપત્ર, ફૂલ સહિતની પૂજા સામગ્રી અર્પણ કરી હતી. ભક્તોનો પ્રવાહ દિવસભર યથાવત રહ્યો હતો. (તસવીર : સતીષ જાદવ)

એક લાખની ખંડણી મામલે સાકીબ જરીવાલાની અટકાયત

સુરતઃ માર્ચ મહિનામાં ટાઈલ્સનો વેપાર કરતાં અને લાલગેટની ચીનીવાલા પોળમાં રહેતા 45 વર્ષીય મુનીરઅહેમદ ગુલામમોયુદ્દી પાસેથી ટાઈલ્સની ખરીદી કર્યા બાદ આરોપી સાકીબ મુનાફભાઈ જરીવાલા (ઉં.વ.૪૨, રહે., કોહીનુર એપાર્ટ., કાશકીવાડ)એ બાકી પેમેન્ટ ચૂકવવાનું બંધ કરી વધુ ૨ લાખ રૂપિયાની માંગણી કરી વેપારીને GST અને ઈન્કમટેક્સની રેઈડ કરાવવાની ધમકી આપી રૂ.૧ લાખ પડાવી લીધા હતા. મામલો પોલીસમાં પહોંચતા ગુનો નોંધતા આરોપી તુરંત જ દુબઈ ભાગી છૂટ્યો હતો. લાલગેટ પોલીસે લુક-આઉટ સરક્યુલર ઈસ્યુ કરાવ્યો હતો. આરોપી દુબઈથી દિલ્હી એરપોર્ટ પર લેન્ડ થતાં જ એરપોર્ટ ઓથોરિટીએ તેને ડિટેઈન કરી સુરત પોલીસને જાણ કરી હતી.

તહેવારોમાં જ 3.19 લાખ રાશનકાર્ડ ધારકોના ચોખામાં 2 કિલોનો કાપ

12 લાખથી વધુ લાભાર્થીઓને અસરની શક્યતા, સપ્ટેમ્બરથી પ્રતિ લાભાર્થી 3 કિલોગ્રામના બદલે માત્ર 1 કિલો ચોખા મળશે

રાશનની દુકાનો પર વિવાદની શક્યતા

ચોખાના જથ્થામાં અચાનક ઘટાડાને કારણે વાજબી ભાવની દુકાનો પર લાભાર્થીઓ અને દુકાનદારો વચ્ચે રકઝક થવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, ગુજરાત ફેર પ્રાઈઝ એસોસિએશનના પ્રમુખ પ્રહલાદ મોદીએ સ્પષ્ટ કર્યું છે કે, ચોખાના જથ્થામાં ઘટાડો કરવાનો નિર્ણય રાજ્ય સરકારના પુરવઠા વિભાગનો છે અને તેમાં રાશનની દુકાનદારોની કોઈ ભૂમિકા નથી.

સુરતઃ તહેવારોની મોસમ શરૂ થવા આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે સુરતના લાખો રાશનકાર્ડ ધારકો માટે માઠા સમાચાર સામે આવ્યા છે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા સપ્ટેમ્બર મહિનાથી રાશનકાર્ડ હેઠળ મળતા ચોખાના જથ્થામાં પ્રતિ લાભાર્થી બે કિલોગ્રામનો ઘટાડો કરવામાં આવ્યો છે. અગાઉ પ્રતિ લાભાર્થી દર મહિને 3 કિલોગ્રામ ચોખા મળતા હતા, જ્યારે હવે માત્ર 1 કિલોગ્રામ ચોખા ફાળવવામાં આવશે.

સુરત શહેર અને જિલ્લામાં અંદાજે 3.19 લાખ રાશનકાર્ડ ધારકો છે અને તેમના થકી 12 લાખથી વધુ ઉપભોક્તાઓ સરકારી અનાજ વિતરણ વ્યવસ્થાનો લાભ મેળવે છે. ચોખાના જથ્થામાં કરવામાં આવેલા આ ઘટાડાની સીધી અસર આ પરિવારોના માસિક ઘરખર્ચ અને અનાજના બજેટ પર પડવાની શક્યતા છે. તહેવારોના સમયગાળામાં સામાન્ય રીતે પરિવારોના ઘરખર્ચમાં વધારો થતો હોય છે. આવા સમયે રાશનમાંથી મળતા ચોખાના જથ્થામાં બે કિલોનો ઘટાડો થતાં લાભાર્થીઓને બજારમાંથી વધારાના ચોખા ખરીદવાની ફરજ પડી શકે છે. મોંઘવારી વચ્ચે આ વધારાનો ખર્ચ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે ભારરૂપ બની શકે છે. પ્રતિ વ્યક્તિ બે કિલોગ્રામનો ઘટાડો થતાં સમગ્ર શહેરમાં સરકારી વિતરણ વ્યવસ્થા હેઠળ મળતા ચોખાના જથ્થામાં નોંધપાત્ર ઘટાડો થશે. હાલમાં તહેવારોની મોસમ અને મોંઘવારી વચ્ચે આ નિર્ણયથી લાભાર્થીઓમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

નવા કમિશનરના પ્રથમ દિવસે જ STP સામે રહીશોનો ઉગ્ર વિરોધ

છાપરાભાઠ્ઠા-વરિયામમાં રહેણાક વિસ્તારમાં 20 મીટરથી 400 મીટર સુધીના અંતરે ત્રણ STPના આયોજન સામે 20 સોસાયટીના રહીશો તાપી ભવન પહોંચ્યા

સુરતઃ સુરત મનપાના નવા કમિશનર રાજકુમાર બેનીવાલે પદભાર સંભાળ્યો તે જ દિવસે પાલિકા કચેરી ખાતે સ્થાનિક રહીશોનો ઉગ્ર વિરોધ જોવા મળ્યો હતો. ટી.પી. સ્કીમ નંબર 37ના બ્લોક નંબર 105માં છાપરાભાઠ્ઠા-વરીયાવ વિસ્તારની રહેણાંક સોસાયટીઓની નજીક પ્રસ્તાવિત સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP)ના વિરોધમાં આસપાસની આશરે 20 સોસાયટીના 80થી 90 જેટલા રહીશો તાપી ભવન ખાતે એકત્ર થયા હતા અને કમિશનરને આવેદનપત્ર પાઠવ્યું હતું. રહીશોના જણાવ્યા મુજબ, સોસાયટીઓથી માત્ર 20 મીટરના અંતરે બે STP અને આશરે 400 મીટરના અંતરે ત્રીજો પ્લાન્ટ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. દુર્ગંધ, પ્રદૂષણ અને આરોગ્યલક્ષી સમસ્યાઓ ઊભી થવાની ભીતિ રહીશોએ વ્યક્ત કરી હતી. પ્લાન્ટનું સ્થળ બદલવા માંગ કરી હતી. માંગ નહીં સંતોષાય તો ઉગ્ર આંદોલન અને કાનૂની લડતની ચીમકી પણ આપવામાં આવી હતી.

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,40,450/-
18 KT 1,14,870/- 14 KT 89,290/-
+91 95109 70230
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા

આજે વિશ્વ સાક્ષરતા દિવસ, સુરતમાં ખરેખર કેટલા સાક્ષર?

સરકારી માપદંડમાં સાક્ષર ગણાય છે, પરંતુ વ્યક્તિની વાંચન-લેખન ક્ષમતાની પ્રેક્ટિકલ ચકાસણી કેટલી થાય છે? પરીક્ષા હોવી જોઈએ

સુરત : આવતીકાલે 8 સપ્ટેમ્બરે વિશ્વ સાક્ષરતા દિવસ ઉજવાશે પરંતુ સાક્ષરતા આજના સમયમાં આંકડામાં રજૂ થાય છે અને તે પણ માત્ર સવાલ-જવાબથી કે તમારા ઘરમાં કેટલા ભણેલા છે? હકીકતમાં આને કારણે સાક્ષરતાનું ગુલાબી ચિત્ર રજૂ થાય છે પરંતુ તેટલા પ્રમાણમાં ખરેખર લોકો સાક્ષર હોતા નથી! સુરતના સાક્ષરતાનો જે દર બતાવવામાં આવે છે તેની સામે આ જ કારણે અનેક સવાલો ઊભા થાય છે. સરકારી આંકડામાં સાક્ષર ગણાતી વ્યક્તિ પૈકી અનેક વ્યક્તિઓ વાસ્તવમાં વાંચી, લખી અને સમજવાની ક્ષમતા ધરાવતી હોતી નથી. 2011ની વસ્તી ગણતરી મુજબ સુરત જિલ્લાનો સાક્ષરતા દર 85.53 ટકા હતો, જે 2001માં 77.62 ટકા હતો. એટલે એક દાયકામાં 7.91 ટકા પોઈન્ટનો વધારો થયો. મહિલા સાક્ષરતા 69.87 ટકાથી વધીને 80.37 ટકા થઈ હતી.

પરંતુ સાક્ષરતા દર નક્કી કરવાની પદ્ધતિ અંગે હવે પુનર્વિચાર જરૂરી છે. વસ્તી ગણતરીમાં 7 વર્ષ અને તેથી વધુ ઉંમરની વ્યક્તિને વાંચી-લખી શકતી હોવાનું માનવામાં આવે ત્યારે તે વ્યક્તિ ખરેખર સરળ લખાણ વાંચી અને તેનો અર્થ સમજી શકે છે કે નહીં તેની પ્રેક્ટિકલ કસોટી થાય છે કે નહીં? તે મોટો પ્રશ્ન છે. ખાસ કરીને ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારોમાં કોઈ વ્યક્તિએ ધોરણ 7 સુધી અભ્યાસ કર્યો હોય, પરંતુ આજે સરળ વાક્ય પણ વાંચી ન શકતી હોય તો તેને માત્ર અભ્યાસના આધારે સાક્ષર ગણવી કેટલી યોગ્ય? વાસ્તવિક કાર્યક્ષમ સાક્ષરતા માપવા માટે પ્રેક્ટિકલ ટેસ્ટ આધારિત નવી નીતિ જરૂરી છે.

માત્ર નામ લખી શકવું એ સાક્ષરતા નથી

સાક્ષરતાનો અર્થ માત્ર પોતાનું નામ લખી શકવું કે સહી કરી શકવી નથી. વ્યક્તિ સામાન્ય લખાણ વાંચી શકે, તેનો અર્થ સમજી શકે અને જરૂરિયાત મુજબ તેનો ઉપયોગ કરી શકે તે વધુ મહત્વનું છે. આજના સમયમાં સાક્ષરતાનો અર્થ વાંચન-લેખન ઉપરાંત સમજણ, સામાન્ય ગણતરી, માહિતીનો ઉપયોગ અને વ્યવહારુ જીવનમાં તેનો ઉપયોગ કરવાની ક્ષમતા સાથે પણ જોડાય છે. આથી સરકારના સાક્ષરતા દર સાથે 'કાર્યક્ષમ સાક્ષરતા'નો અલગ આંકડો પણ હોવો જરૂરી બની શકે છે.

હવે સાક્ષરતા માપવાની નવી પદ્ધતિની જરૂર

સાક્ષરતા દરને વધુ વાસ્તવિક બનાવવા માટે સરકાર દ્વારા નવી પદ્ધતિ અથવા નિયમિત સેમ્પલ આધારિત સર્વે શરૂ કરી શકાય. તેમાં વ્યક્તિને સરળ વાક્ય વાંચવા આપવું, તેનો અર્થ પૂછવો, નાનું વાક્ય લખાવવું અને સામાન્ય ગણતરી કરાવવી જેવી મૂળભૂત કસોટી કરવામાં આવે તો વાસ્તવિક સ્થિતિનો વધુ સારો અંદાજ મળી શકે. આવી વ્યવસ્થા ખાસ કરીને ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારોમાં ઉપયોગી સાબિત થઈ શકે છે. કારણ કે શાળામાં પ્રવેશ અને અભ્યાસનું પ્રમાણ વધ્યું હોવા છતાં વ્યક્તિની વાસ્તવિક વાંચન-સમજણની ક્ષમતા અલગ હોઈ શકે છે.

ધી ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લી., ઉધના.
૭૦મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

સંઘની ૭૦મી વાર્ષિક સાધારણ સભા શનિવાર તા.૧૯/૦૯/૨૦૨૬ નાં રોજ સાંજે ૪=૦૦ કલાકે 'આરોગ્ય ભવન' બીજા માળે, બેંક ઓફ બરોડાની બાજુમાં, સેન્ટ્રલ રોડ નં.-૯ ઉદ્યોગનગર, ઉધના ખાતે મળશે જેમાં સભ્યોને મોકલી આપવામાં આવેલ વાર્ષિક અહેવાલમાંની નોટીસમાં જણાવેલ કામો હાથ ધરવામાં આવશે તે સમયે મતાધિકાર ધારણ કરનાર તમામ સભ્યોને હાજર રહેવા વિનંતી છે.

વિમલ બી. સાકરીયા
ચેરમેન
ધી ઉ. ઉ. સ. સંઘ લી. ઉધના

સેન્ટ્રલ રોડ નં.-૧૦, ઉદ્યોગનગર, ઉધના.
તા.૩૦/૦૭/૨૦૨૬

NOTICE
THE GUJERAT SAFE DEPOSIT COMPANY LIMITED
CIN : U63022GJ1936PLC000125

NOTICE is hereby given that the 91st Annual General Meeting of the company will be held on Saturday, the 26th September, 2026 at 04:00 p.m. at Juni Vithal Wadi, Nanavat, Surat-395003, Gujarat.
Pursuant to the applicable provisions of the Companies Act, 2013 and the rules made thereunder, the Register of Members and Share Transfer Books of the Company shall remain closed from Tuesday, 15th September, 2026 to Saturday, 26th September, 2026 (both days inclusive).
The Company has obtained Demat connectivity facilities from both Depositories i.e. NSDL and CDSL. Members holding shares in physical form are requested to dematerialise their Equity Shares by contacting their Depository Participant (DP). Shareholders who wish to register a nominee are requested to contact the Company's RTA and complete the requisite formalities by filing form SH-13.

Reg. Off : Safe Deposit Chamber, Bhagatalao, Surat -395003, Gujarat
On behalf of the Board
Sd/-
Kamleshbhai M Patel
(Chairman)

BHULKA VIHAR SCHOOL
624, Bhatha, Hazira Road, Surat. Ph. : 2840455, 2971900, 89800 08283
પ્રવેશ અંગે - ADMISSION NOTICE
નર્સરી (ગ્લોબલ ગુજરાતી માધ્યમ)
OFFLINE
નર્સરીના અરજીપત્રો તા.૧૦-૦૯-૨૦૨૬ને ગુરુવાર અને તા.૧૧-૦૯-૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૮:૦૦ થી ૧૦:૦૦ કલાક દરમિયાન મળશે.
ઉંમર : બાળકનો જન્મ તા.૦૨-૦૬-૨૦૨૩ થી તા.૦૧-૦૬-૨૦૨૪ વચ્ચે હોવો જરૂરી. (બાળક તા.૦૨-૦૬-૨૦૨૭ ના રોજ ૩ વર્ષથી ૪ વર્ષનું હોવું જોઇએ.)
બાળકના જન્મનો અસલ દાખલો અવશ્ય સાથે લાવવો. (એફિડેવિટ કે ફોટો કોપી ચાલશે નહીં.)
ONLINE
વિશેષ નોંધ : આ અરજીપત્ર આપ તા.૧૦-૦૯-૨૦૨૬ને ગુરુવાર અને તા.૧૧-૦૯-૨૦૨૬ને શુક્રવાર દરમિયાન 'ONLINE' www.bhulkavihar.com પર ભરી શકશો.
Nursery (English Medium)
OFFLINE
Application forms for the Nursery Class will be available on 10-09-2026 i.e. Thursday and 11-09-2026 i.e. Friday between 8.00 a.m. to 10.00 a.m.
Age : Child's birth should be between 02-06-2023 to 01-06-2024. (The child should be 3 years to 4 years on 02-06-2027.)
• Kindly bring the 'Original Birth Certificate' of your child along with you.
• Affidavit or Photo copy will not be accepted.
ONLINE
Please Note : Application forms can be filled 'ONLINE' on www.bhulkavihar.com on 10-09-2026 i.e. Thursday and 11-09-2026 i.e. Friday.
Dr. Mita Vakil
Principal